# પૂજાઘર અને પૂજનની સાધનસામગ્રી

## (શાસ્ત્રીય મહત્ત્વ અને રચના)

(Temple at home and implements
used in the worship of God - Gujarati)

---

## ગ્રંથનું મનોગત

ઈશ્વરપ્રાપ્તિ માટે ભક્તિમાર્ગ દ્વારા ઉપાસના કરનારાઓની દષ્ટિએ એક મહત્ત્વનો ઉપાસનાનો પ્રકાર એટલે દેવપૂજા. દેવપૂજા માટે ઘરમાં પૂજાઘર હોવું જરૂરી છે. હાલમાં તો પૂજાઘર બનાવવા પાછળ શાસ્ત્રીય દષ્ટિકોણ કેવો હોવો જોઈએ, એનો ખાસ કોઈ વિચાર થતો નથી. અધ્યાત્મમાં પ્રત્યેક કૃતિ શાસ્ત્ર અનુસાર કરવાથી તે કૃતિમાંથી મળનારો આધ્યાત્મિક લાભ વધારે હોય છે. આ હેતુસર જ પ્રસ્તુત લઘુગ્રંથમાં પૂજાઘર કઈ દિશામાં હોવું જોઈએ, પૂજાઘરનો રંગ, રૂપ અને આકાર કેવો હોવો જોઈએ, પૂજાઘરમાં દેવતાઓની ગોઠવણ કેવી રીતે કરવી ઇત્યાદિ વિષયોની અધ્યાત્મશાસ્ત્રીય માહિતી આપવામાં આવી છે.

તરભાણું, પૂજાની તાસક, હળદર કંકુની વાટકીઓ, આરતિયું, ઘંટડી, મોટી દીવી ઇત્યાદિ સાધનસામગ્રી આ પૂજાવિધિમાંથી દેવતાની કૃપા થઈ રહેવા માટેની મહત્ત્વની કડી છે. દેવપૂજા શરૂ કરવા પહેલાં સદર સાધનસામગ્રીની રચના વિશિષ્ટ પદ્ધતિથી કરવાથી, પાછળથી પૂજાવિધિમાંથી દેવતાના તત્ત્વનો લાભ અધિક પ્રમાણમાં શા માટે અને કેવી રીતે મળે છે, એનું પણ અધ્યાત્મશાસ્ત્રીય વિશ્લેષણ આ લઘુગ્રંથમાં આપવામાં આવ્યું છે. દેવપૂજાની સાધનસામગ્રીનું અધ્યાત્મશાસ્ત્રીય મહત્ત્વ જાણી લેવાથી તેમના પ્રત્યે ભાવ નિર્માણ થવામાં મદદ થાય છે. ભાવભર્યા અંત:કરણથી દેવપૂજા ભાવપૂર્વક થાય તો દેવતાના તત્ત્વનો લાભ અધિક મળે છે. એ માટે આ લઘુગ્રંથમાં દેવપૂજાની સાધનસામગ્રીનું અધ્યાત્મશાસ્ત્રીય મહત્ત્વ અને વિશિષ્ટતાઓ પણ આપવામાં આવી છે.

આ લઘુગ્રંથમાં આપવામાં આવેલું શાસ્ત્ર સમજી લઈને કૃતિ કરનારાઓને ઈશ્વરી તત્ત્વનો વધુમાં વધુ લાભ મળી રહે, એવી શ્રી ગુરુચરણે પ્રાર્થના. **- સંકલક**

---

## અનુક્રમણિકા

**સાધકોને મળનારું જ્ઞાન, એ તેમની અધ્યાત્મમાંની પ્રતિભા**
**જાગૃત થઈ હોવાની અનુભૂતિ !** ૬
**આધ્યાત્મિક પરિભાષામાંની પ્રસ્તાવના !** ૮
**મનોગત** ૧૦
૧. પૂજાઘર કઈ દિશામાં હોવું જોઈએ ? ૧૨
૨. પૂજાઘરનું સ્વરૂપ કેવું હોવું જોઈએ ? ૧૪
૩. પૂજાઘરમાં દેવતાઓની આસન-રચના કેવી
રીતે કરવી ? ૨૭
૪. પૂજા માટેની સાધનસામગ્રી કઈ ધાતુઓમાંથી
બનાવવામાં આવેલી હોવી જોઈએ ? ૩૯
૫. દેવપૂજા માટે જૂની સામગ્રી શા માટે વાપરવી ? ૪૧
૬. દેવપૂજામાંની સામગ્રીનું અધ્યાત્મશાસ્ત્રીય મહત્ત્વ ૪૩
૭. દેવપૂજાના ઘટકો અને સામગ્રીની રચના ૬૬